**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૯/૫/૨૦૧૭ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૦૪૬/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી, ૧૪૩ લીટર દેશી દારૂ ૦૨ બોટલ ઇંગ્લીશ દારૂ ૭૨ બીયરટીન ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ એક્ટીએવા કબજે કર્યુ હતુ તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૭૫૦૦/- અને જુગારનાં સાધનો કબ્જે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૧૦૪૭/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૦૪૮/૧૭**

**વેજલપુર :** અબ્દુલમીયા ફરીદમીયા શેખ (રહે,રાજદાના બંગ્લોઝ એસ્સાર પેટ્રોલપંપની પાછળ જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૫/૨૦૧૭ રાતના ૧૧/૦૦ થી તા.૧૮/૦૫/૨૦૧૭ ના કલાક ૩/૦૦ વાગ્યા પહેલા કોઇ પણ સમયે પોતાના મકાનનાં મુખ્યદરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, લાકડાના કબાટમાથી તેમજ લોખંડની તિજોરીમા મુકેલ સોના-ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂપીયા ૧,૭૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સોનલ પોલીસ ચોકી ચલાવે છે.

**સેટેલાઇટ :** ધરમેન્દ્રભાઇ મોહનભાઇ રામાણી (ઉ.વ.૩૦)(રહે,ચાણકયપુરી ઘાટલોડીયા) એ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૫/૨૦૧૭ રાતના ૧૦/૦૦ થી તા.૧૮/૦૫/૨૦૧૭ ના કલાક ૬/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતની સેટેલાઇટ વ્રજ વિહાર ટાવરની નીચે મોહીત પાર્લર નામની દુકાનનું તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાં રાખેલ અલગ-અલગ બ્રાન્ડની સિગારેટ તથા પાન-મસાલા મળી કુલ રૂપીયા ૩૭,૦૦૦/- મતાની ચીજ-વસ્તુઓની ચોરી કરી લઇ ગઇ છે.આ ગુનાની તપાસ પોસ.ઈ.શ્રી એમ.બી.ઝાલા ચલાવે છે

**નજર ચુકવી ચોરી:-** **સમાચાર યાદી નં.૧૦૪૯/૧૭**

**કાલુપુર:** પાર્થભાઇ ખીમજીભાઇ વાઘેલા (ઉ.વ.૨૭)(રહે,જી કોલોની, લાલ મીલ પાસે, લખીયાકાકા ચાર રસ્તા, સુખરામનગર, રખીયાલ) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૬/૦૫/૨૦૧૭ સાંજના ૬/૪૫ થી ૭/૧૫ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે સુભાષ બ્રીજથી કાલુપુર ૧૨૮ એ.એમ.ટી.એસ. બસસ્ટેન્ડ સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન આરોપી રીક્ષા ડ્રાઇવર(૩૦ થી ૩૫ ના આશરાનો) તથા પેસેંજર બે અજાણ્યા ઈસમો (ઉ.વ. ૪૦ ના આશરાનાં) ભેગામળી પાર્થભાઇ ની નજરચુકવી તેમની દાગીના ભરેલી બેગમાંથી ચેકો મારી, પાર્થભાઇની નજર ચુકવી સોનાના દાગીના કિમત રૂપીયા ૪૩,૦૦૦/- તથા ચાંદીના દાગીના કિમત રૂપીયા ૭,૩૦૦/- મળી કુલ રૂપીયા ૫૦,૭૦૦/-મતા કાઢી ચોરી કરી લઇ ગયા છે.આ ગુનાની તપાસ પોસઈ.શ્રી બી.ડી.ઝીલરીયા ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૦૫૦/૧૭**

**ઓઢવ :** કેયુરભાઇ સ/ઓ અરવિદભાઇ રાવલ (રહે.અજીતનાથ કૃપા સોસાયટી બંસરી ફલેટ પાસે અંબિકાનગર ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૫/૧૭ નાં કલાક ૨/૦૦ થી ૮/૦૦ વાગ્યા દરમ્યાન ઓઢવ પાંચ અંબીકાનગર ટાઇલ્સ કંપાઉન્ડમાં આપા હોટલની સામે શિવશકિત રોડ લાઇન્સ નામની ટ્રાન્સપોર્ટની ઓફીસ સામે પોતાની આઇશર ગાડી નંબર GJ-27-X-0997 કિંમત રૂપીયા ૧૨,૦૦,૦૦૦/- મતાની પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી એ.એન.સોલંકી ચલાવે છે.

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૧૦૫૧/૧૭**

**શહેરકોટડા :** અનીષા ઉર્ફે ચકુ સુરેશભાઇ ડોડીયા (ઉ.વ.૧૮)(રહે,અંબીકા નગર જી.ડી.હાઇસ્કુલ પાસે સૈજપુર બોઘા) તા.૧૮/૫/૧૭ બપોરનાં ૧/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે કોઇ અગમ્ય કારણોસર પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી દીલીપભાઇ એકનાથ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.